

૧૯૯૪થી વિશ્વ શિક્ષકદિનની ઉજવણી આખી દુનિયામાં થાય છે. ૧૯૬૬માં યુનેસ્કો દ્વારા શિક્ષકોની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને એક ભલામણ પર હસ્તાક્ષર પણ કર્યાં હતાં. ૧૯૯૪માં આ દિન યાદ કરીને દર વર્ષે વિશ્વ શિક્ષકદિન મનાવવામાં આવે છે.

# પરસ્પરનાં સમજણના સેતુ થકી જીવંત રહેતો સંબંધ

કેટલાક સંબંધો એવા હોય



**રુઝાન ખંભાતા,** બિઝનેસ વુમન્સ



**મિતેષ** કડિયા

**ગુરુ-શિષ્યનો** સંબંધ માતાપુત્ર, પિતાપુત્ર અને સખા જેવો હોવો જોઈએ. આજે ભારતમાં ગુરુના મહત્ત્વને સમજવા માટે ભલે વર્ષમાં ગુરુપૂર્ણિમાં અને શિક્ષકદિન એમ બે તહેવાર ઉજવવામાં આવે છે. પ્રાચીનકાળમાં ભારતમાં સાંદિપની, વશિષ્ઠ, દ્રોણાચાર્ય અને રામકૃષ્ણ પરમહંસ જેવા યશસ્વી ગુરુ અને કૃષ્ણ, રામ, અર્જુન, એકલવ્ય અને વિવેકાનંદ જેવા આજ્ઞાંકિત શિષ્યો હતા. આપણે દ્વિતીય રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ ૫મી સપ્ટેમ્બરે શિક્ષકદિન તરીકે ઉજવીએ છીએ.

૧૯૯૪થી વિશ્વ શિક્ષકદિનની ઉજવણી આખી દુનિયામાં થાય છે. ૧૯૬૬માં યુનેસ્કો દ્વારા શિક્ષકોની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને એક ભલામણ પર હસ્તાક્ષર પણ કર્યાં હતાં. ૧૯૯૪માં આ દિન યાદ કરીને દર વર્ષે વિશ્વ શિક્ષકદિન મનાવવામાં આવે છે. ભણતર એ,બી,સી, કે ક,ખ,ગ, અથવા ૧,૨,૩, થી પણ ઘણું વધારે છે. ગુરુના સિદ્ધાંતો, ગુરુની વિદ્યા શિષ્ય થકી જીવંત રહે છે અને શિષ્યને ગુરુ થકી એક ઓળખ મળે છે. ઈતિહાસ આ હકીકતનો ગવાહ છે પણ અહીં વર્તમાન સમયની એવી કેટલીક જાણીતી હસ્તીઓની વાત કરવી છે જે પોતપોતાના ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કરી ચૂકી છે અને તેઓ આ બાબતનો શ્રેય પોતાના ગુરુજનોને આપે છે. આ બાબત એ હકીકતની સાબિતી છે કે ગુરુ-શિષ્યના સંબંધનું હાર્દ કોઈ પણ પરિસ્થિતિ કે સંજોગોમાં અકબંધ રહે છે.

"મારા ટીચર તેઓ મારા માટે ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ છે. આજે પણ હું 'સ્ટ્રગલર' છું." આ શબ્દ છે બિઝનેસ વૂમન રુઝાન ખંભાતાના.

રુઝાન ખંભાતા ગુજરાતમાં બિઝનેસ વૂમન્સમાં જાણીતું નામ. વર્ષ ૨૦૦૫માં ગુજરાત ચૅમ્બર ઑફ કોમર્સ તરફથી બેસ્ટ બિઝનેસ વૂમન્સ ઍવોર્ડ પ્રાપ્ત થયેલ છે. સેન્ટ ઝેવિયર્સમાંથી અભ્યાસ પૂર્ણ કરી હાલ આઈટી ક્ષેત્રે ઝંપલાવ્યું છે. રુઝાન ખંભાતાના શિક્ષકો સિવાય તેમના માતા-પિતા, ફ્રેન્ડ અને કઝિન્સ પાસેથી ઘણું શિક્ષણનું ભાથું મેળવ્યું... આજે પણ રુઝાન ખંભાતાના આદર્શ તરીકે પોતાના પિતાજી છે. સ્કૂલ કૉલેજ દરમિયાન રુઝાનની ઓળખ 'તોફાની છતાં પોઝિટિવ ગર્લ'ની હતી.

રુઝાન ખંભાતા એમી યાજ્ઞિકને પોતાનાં આદર્શ ટ્યુટર ગણે છે. જેઓ રુઝાનનાં ઘરે પર્સનલ ટીચર તરીકે ભણાવવા આવતાં. રુઝાન ખંભાતા તેમના ટીચર વિશે જણાવે છે કે, "હું એમીબહેન પાસેથી ડિસિપ્લિનના પાઠ શીખી શકી. આજે પણ મારી પર્સનાલિટીમાં જે ડિસિપ્લિન જોઈ શકાય તે એમીબેનને કારણે જ... એમીબહેને મને ઘણી હિંમત આપી છે. જ્યારે મારા બિઝનેસ દરમિયાન ચેક બાઉન્સનો કિસ્સો બન્યો ત્યારે મેં કોર્ટમાં કેસ ફાઈલ કર્યો એટલે મને કોર્ટનો ડર હતો કે કોર્ટ કેવી હશે ? જજ કેવા હોય ? ત્યાં સજા આપવામાં આવે ? વગેરે વગેરે જેવો અંદરથી જ ડર હતો. જ્યારે એમી મૅડમને આ વિશે વાત કરી તો એમીબહેને જણાવ્યું કે રુઝાન તું માત્ર દસ દિવસ કોર્ટમાં જઈને બેસ અગિયારમા દિવસે તારો ડર આપોઆપ દૂર થઈ જશે અને ખરેખર તેવું જ બન્યું. મારા ટીચર મને હંમેશાં કહેતાં કે રુઝાન તું દરેક ઍક્ટિવિટીમાં આગળ રહે છે તેમ તારે અભ્યાસમાં પણ ફસ્ટક્લાસ સાથે પાસ થવાનું છે. નહીં તો તમારું માન-સન્માન રહેશે નહીં. આ બધી જ વાતો મારા ટીચર પાસેથી શીખી."

રુઝાન ખંભાતાના પિતાજી તેમનો આદર્શ છે. તેમના પિતાએ કહેલ બે વાત કે હંમેશાં સિમ્પલ લિવિંગ ઍન્ડ હાઈથિન્કિંગ રાખો અને નૉલેઝ ઈઝ પાવર આ બે વાતો રુઝાનનાં પિતા તેને હંમેશ યાદ કરાવે.

સેન્ટ ઝેવિયર્સ કૉલેજની યાદગાર પળોને વાગોળતાં રુઝાન જણાવે છે કે, "ભાગ્યે જ કૉલેજનાં જી.એસ. તરીકે કોઈ છોકરી ચૂંટણી લડતી હોય તેવું બને છે. જી.એસ.ની ચૂંટણી મૂળ ચાની કીટલી કાં તો પાનનાં ગલ્લે લડાતી હોય છે. પરંતુ હું ઈલેક્શનમાં ઊભી રહીને જી.એસ.ની ચૂંટણી લડી.

મારી ઓળખ કૉલેજ સમયમાં ઑલરાઉન્ડર તરીકે... રમત-ગમત, નાટક દરેકમાં હું ભાગ લેતી. મારી મનપસંદ ગેમ વૉલીબૉલ, બેડમિન્ટન છે. જ્યારે હું ધોરણ-૧૧માં અભ્યાસ કરતી હતી ત્યારે સ્કૂલમાં મેં કૉમેડી નાટક 'કળિયુગની રામાયણ' ભજવ્યું હતું. જેના માટે મને ફર્સ્ટ પ્રાઈઝ પણ મળેલું હતું. હું કૉલેજમાં હતી ત્યારે પણ મારા પ્રોફેસર મને અભ્યાસમાં અને ઈતરપ્રવૃત્તિમાં ભાગ લેવા પ્રોત્સાહન આપતા જ હતા. હું વધુ તો મારા અનુભવમાંથી શીખી છે."

જીવનમાં સૌથી મોટો ગુણ નીડરતા છે જે મને મારા ગુરુ પાસેથી મળ્યો. જીવનમાં નાનીમોટી સમસ્યા આવ્યા જ કરવાની પણ નીડરતા કેળવવાથી તે દરેક સમસ્યાનો સામનો સહેલાઈથી કરી શકાય છે. મને ગુસ્સો જલદીથી આવી જાય છે. પરંતુ મારી માતાએ ગુસ્સા પર કઈ રીતે કાબૂ રાખવો તે શીખવ્યું. આથી તે મારા મોટા ગુરુ સમાન છે.

**છે જેમનું સ્વરૂપ જીવનભર બદલાતું રહે છે પણ એનું મૂળભૂત હાર્દ ક્યારેય બદલાતું નથી. ગુરુ-શિષ્યનો સંબંધ એ આવા જ સંબંધો પૈકીનો એક સંબંધ છે.**



**કે.લાલ,** જાદુગર



**ડો. કનુભાઈ કલસરીયા,** વિધાનસભ્ય



**મીરા રામનિવાસ,** એડ. પો. કમિશનર



**પ્રકાશ ન. શાહ,** કર્મશીલ અને પત્રકાર

શીખવું એ આજીવન ચાલતી પ્રક્રિયા છે અને જે શીખવે તે શિક્ષક. જેમ પૈસા પર અધિકાર કરી શકાય પરંતુ જ્ઞાન સર્વસ્ય છે તેના પર કોઈનો અધિકાર ન ચાલે. કનુભાઈ કલસરિયા જેઓ ભાવનગર જિલ્લાના મહુવાથી ગુજરાત વિધાનસભાના વિધાનસભ્ય તરીકે ચૂંટાય છે. ડૉક્ટરી ક્ષેત્રે કારકિર્દી બનાવ્યા બાદ હાલ વિધાનસભાના વિધાનસભ્ય તરીકે ફરજ બજાવે છે. તેઓ તેમના ગુરુ સાથેનાં સંસ્મરણો યાદ કરતાં જણાવે છે કે, “અમારા સમયમાં ગુરુ નિષ્ઠાવાન અને સમર્પિત હતા. નિઃસ્વાર્થ ભાવે વિદ્યાનું જ્ઞાન આપતા. તે સમયે શિક્ષણમાં ધંધાની વૃત્તિ ક્યારેય ન હતી વિદ્યાનું દાન એ જ સેવાનં દાન હતું. પૈસા પડાવવાની વૃત્તિ હતી જ નહીં.”

કનુભાઈ કલસરિયા જે.પી. માણેક હાઈસ્કૂલ મહુવામાં સુધીનો અભ્યાસ કરી ૧૯૭૧-૭૨માં અમદાવાદમાં એમ.જી. સાયન્સ કૉલેજમાં અભ્યાસ કર્યા બાદ બી.જે. મેડિકલ કૉલેજ, સિવિલ, અમદાવાદથી એમ.બી.બી.એસ. અને એમ.એસ.ની પદવી મેળવી ૧૯૮૧ના માર્ચ મહિનામાં વડનગર પ્રેક્ટિસ માટે જોડાયા જ્યાં ડૉ. વસંત પરીખ પાસેથી જીવનનાં ઘણા ઉમદા પાઠ શીખ્યા. કનુભાઈ કલસરિયા ડૉ. વસંત પરીખ વિશે જણાવે છે તેમ “મેં મારી ડૉક્ટરી લાઈનમાં પ્રથમ વખત જોયું કે કોઈ ડૉક્ટર એમ.એલ.એ. બન્યો હોય. ડૉ. વસંત પરીખ ગાંધીજીનાં સિદ્ધાંત પર ચાલનારી વ્યક્તિ. તેઓ પોતે ટ્રસ્ટ ચલાવતા અને નિખાલસ ભાવે સામાન્ય લોકોની સેવા કરતા. કોઈ પણ પ્રકારનો સ્વાર્થ તેમનામાં જોવા મળતો નહોતો. અને તેમની પાસેથી જ પ્રેરણા લઈને મેં મહુવામાં ડૉક્ટરી કાર્ય નિઃસ્વાર્થ ભાવે કર્યું. ડી.એચ. બધેકા, ગિરીશ માંકડ, આર.સી. શાહ આ શિક્ષકો મારા હંમેશાં આદર્શ રહશે. તેઓ પ્રામાણિક, ગુણી, જ્ઞાન સભર હતા. તેઓ માનતા કે ગુરુ નિષ્ઠાવાન, સમર્પિત હોવો જોઈએ. તે એક નવી પેઢીનું ઘડતર કરી રહ્યો છે તેવું વિચારતા હતા.”

શિષ્ય જ્ઞાનમાં ગુરુ કરતાં ગમે તેટલો આગળ નીકળી જાય પરંતુ તેને હાથ પકડીને આ જ્ઞાનરૂપી પથ પર ચલાવનાર ગુરુ જ છે તેવું શિષ્યે ભૂલવું ન જોઈએ. જેમ સાચો મિત્ર આપણને સારાનરસાની સલાહ આપે છે. તેમ ઉત્તમ ગુરુ પણ પોતાના શિષ્યને જ્ઞાન આપે છે.

અમદાવાદમાં એડિશનલ પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવતા શ્રી મીરા રામનિવાસ મૂળ રાજસ્થાન ભરતપુરનાં વતની. સંસ્કૃત વિષય સાથે એમ.એ.ની ઉપાધિ લીધા બાદ સિવિલ સર્વિસિસની પરીક્ષા પાસ કરી અને હાલ અમદાવાદમાં એડિશનલ પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવે છે. મીરા રામનિવાસ બાળપણથી અભ્યાસમાં ખૂબ જ હોશિયાર. તેમનાં ટીચર હંમેશાં કહે કે મીરા તમે ખૂબ આગળ જશો. મીરા રામનિવાસ તેમનાં ગુરુ સ્વ. શ્રી રામકુમાર શર્માજી જેઓ અર્થશાસ્ત્ર વિષયના શિક્ષક તેમને પોતાના આદર્શ શિક્ષક માને છે. મીરા રામનિવાસ જણાવે છે કે, “શ્રીરામકુમાર શર્માજીએ અર્થશાસ્ત્રમાં પીએચ.ડી.ની ઉપાધિ લીધી હતી. તેઓ અર્થશાસ્ત્રની આંટીઘૂંટીને ખૂબ જ સરળ કરીને અમને ભણાવતા હતા. શ્રી રામકુમારજી નિષ્ઠાવાન, ગુણવાન, ઉચ્ચવિચારો ધરાવતા હતા. તેઓ હંમેશાં દરેક વિદ્યાર્થીને આગળ વધવા પ્રોત્સાહન આપતા. જ્યારે મેં સિવિલ સર્વિસિસની પરીક્ષા પાસ કરી ત્યારે શ્રીરામકુમારજીને ખૂબ આનંદ થયો હતો. ખાસ તો હું મારો સૌથી મોટો આદર્શ મારા પિતાજીને માનું છું, કારણ કે તેમને જ મને આગળ વધવાની તક આપી. હું રુરલ બૅકગ્રાઉન્ડમાંથી આવું છું. મને મારા પિતાજીએ આગળ વધવાનો મોકો ન આપ્યો હતો તો હું માનું છું કે આજે હું આ પોસ્ટ પર ન પહોંચી શકી ન હોત. મારા પિતાજી મારા આધ્યાત્મિક ગુરુ સમાન છે.”

ગુરુ જ્ઞાનનો ભંડાર છે તે પથદર્શક હોય છે અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે જે શિષ્યને સારો નાગરિક બનાવે છે. ગુરુ વિચારે છે કે પોતાનો શિષ્ય હંમેશાં તેના કરતાં આગળ નીકળે. મીરા રામનિવાસ શિક્ષણનો અનુભવ ટાંકતાં કહે છે કે, “હું સંસ્કૃતની વિદ્યાર્થિની જ્યારે મારે એમ.એ.ના અભ્યાસ માટે રાજસ્થાન યુનિવર્સિટીમાં એડમિશન લેવાનું હતું તે સમયે જુલાઈ મહિનો હતો અને જુલાઈમાં વરસાદની સીઝન હતી જ ત્યારે હું ખૂબ વરસાદને કારણે એડમિશન માટે મોડી પડી ગઈ હતી. આ દરમિયાન મેં રાજસ્થાન યુનિવર્સિટીના ડીન સાથે મુલાકાત કરી અને સરને રિકવેસ્ટ કરી કે સર પ્લીઝ મારે એડમિશન જોઈએ છે. આગળ ભણવાની મારી ખૂબ ઈચ્છા છે. જો કે સરે શરૂઆતમાં ના કહી દીધી પરંતુ મારા આગ્રહથી સરે મને એક તક જરૂરથી આપી અને કહ્યું કે જાઓ તમારા બધા જ ઓરિજિનલ ડોક્યુમેન્ટ સાથે હાજર થાઓ. હવે મારા બધા જ ડોક્યુમેન્ટ મારા ગામડે હતા હું લેવા માટે મારા ગામ પહોંચી વરસાદને કારણે પુરની સ્થિતિ હતી માટે ફરીથી હું પંદર દિવસ મોડી પહોંચી યુનિવર્સિટીમાં મેં રાજસ્થાન યુનિવર્સિટીનાં ડીન પાસે માફી માંગી અને તમામ પરિસ્થિતિ મેં તેમણે જણાવી દીધી. મારી અભ્યાસ

માટેની આટલી બધી ઉત્સુકતા જોઈએ તેઓએ મને ફરીથી તક આપી. અને મારા પસંદગીના વિષયમાં એમ.એ. પાસ કર્યું. જો સરે મને મદદ ન કરી હોત તો મારું એક વર્ષ જરૂરથી બગડ્યું હોત.''

માનવી ભલે ૨૧મી સદીમાં પહોંચ્યો હોય પરંતુ આજે આપણી વર્ષો જૂની ગુરુ-શિષ્ય પરંપરા ક્યાંય જોવા મળતી નથી. વર્ષો જૂની છોડો આજથી ૨૦ વર્ષ પહેલાંની પરંપરાનું અનુસરણ આજે કરી રહ્યા નથી.

પ્રકાશ ન. શાહ એટલે હાલના ગુજરાતી અખબારી જગતનું જાણીતું નામ. લેખક અને વરિષ્ઠ પત્રકાર એવા પ્રકાશભાઈ હાલ દિવ્યભાસ્કર અખબાર સાથે કૉલમિસ્ટ તરીકે જોડાયેલ છે અને જાણીતા વિચારપત્ર નિરીક્ષકના તેઓ તંત્રી છે.

પ્રકાશ ન. શાહ જણાવે છે તેમ ''હું ગુરુની કોઈ ચોક્કસ વિભાવના સ્વીકારતો નથી. ગુરુ એ સ્વતંત્ર વિચાર શક્તિ ખીલવી શકે એવું વ્યક્તિત્વ હોય છે. કોઈ પુસ્તક હોય તો તેને પણ હું ગુરુ તરીકે જોઉં છું. ચારે બાજુથી ઉત્તમ મળી રહે અને સ્વતંત્ર વિચાર કરી શકે. આમ ગુરુની દરેક વ્યક્તિ અલગ અલગ વિભાવના કરે છે.''

વડોદરામાં પ્રાથમિક અભ્યાસ કર્યા બાદ માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં મણિનગરની સરસ્વતી વિદ્યા મંદિર હાઈસ્કૂલમાં લીધુ. ૧૯૫૧માં અમદાવાદ આવી ગ્રેજ્યુએશન અમદાવાદમાં પૂર્ણ કર્યું. પ્રકાશ ન. શાહના અભ્યાસ દરમિયાન ચાર-પાંચ શિક્ષકો આદર્શ તરીકે રહ્યા અને તેમના જીવન ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો.

પ્રકાશભાઈએ પ્રાથમિક શિક્ષણ વડોદરામાં પ્રાપ્ત કર્યું. અભ્યાસ દરમિયાન શ્રી રમણલાલ બ્રહ્મક્ષત્રિય તેમના પ્રથમ આદર્શ શિક્ષક રહ્યા. તેમની વાતોને યાદ કરતાં જણાવે છે કે, ''મેં ૧થી ૭ ધોરણ વડોદરામાં પ્રાથમિક શિક્ષણ લીધું ત્યાં શ્રી રમણલાલ બ્રહ્મક્ષત્રિય સાથે મારો આજીવન સંબંધ રહ્યો. મારી વાંચન પ્રવૃત્તિ વધારવામાં મારી બા અને શ્રી રમણલાલ સાહેબ આ બંનેનો મોટો ફાળો. જ્યારે હું ૧૯૫૧માં અમદાવાદ આવ્યો ત્યારે મણિનગરમાં માધ્યમિકનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યાં મને યાદ છે કે કિશોરીબહેન કોઈની લીવ વૅકન્સી પર બે-ત્રણ મહિના માટે અમને ભણાવવા આવ્યાં હતાં. તે સમયે એક સારી ઘટના બની. તે સમયે સ્કૂલમાં હાસ્યરસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. અને શ્રી શ્યામસુંદરજી હાસ્ય કલાકાર તરીકે આવ્યા હતા. એ દિવસે અમે બધા જ વિદ્યાર્થીઓ તેમની જોક્સ પર પેટ પકડીને હસ્યા. પરંતુ બીજા દિવસે કિશોરીબહેને અમારો ઉધડો લઈ લીધો. અમને કહ્યું કે કાલે બધા મોટે મોટેથી હસતા હતા તો તમે તમારા પુસ્તકમાં એક વખત જ્યોતીન્દ્ર દવેનો પાઠ વાંચો તો તમને ખબર પડશે કે સ્થૂળ હાસ્ય શું ? અને સૂક્ષ્મ હાસ્ય શું ? આ વાત જાણતાં હું ખરેખર વિચારમાં જ પડી ગયો જાણે એક પ્રકારનો ધક્કો લાગ્યો હોય અને આજીવન આ મારું એક ભાથું બની ગયું. શાળાનાં આ વર્ષોમાં

**માનવજીવન એ પરિવર્તનનો પર્યાય છે છતાં તેના હાર્દને અકબંધ રાખતો એવો ગુરુ-શિષ્યનો સંબંધ કોઈ પણ વ્યક્તિના જીવનના પાયાનાં સંબંધોમાંનો એક સંબંધ છે. હકીકતમાં આ એક જ સંબંધ એવો છે જેમાં ગુરુ-શિષ્ય બંને પરસ્પર સમજણ અને વિચારના સેતુ થકી જીવે છે.**

પછી તે કિશોરીબહેન બે-ત્રણ મહિના બાદ જતાં રહ્યાં અને મારી સાથે ફરી ક્યારેય પરિચય ન રહ્યો. પરંતુ તેમને હાસ્ય બાબતે કહેલ વાત આજીવન યાદ રહી. બસ... આ જ વર્ષોમાં શ્રી વિષ્ણુપ્રસાદ પાઠક જેઓ અમારા અંગ્રેજીના ટીચર જેમણે મારી ક્ષિતિજોને વિસ્તારી અને મને વિશ્વ સાહિત્યમાં સ્કૂલ સમયે જ પ્રવેશ કરાવ્યો. તે સમયે વૅકેશન દરમિયાન શ્રી વિષ્ણુપ્રસાદજીએ મને એક પુસ્તક વાંચવા માટે આપ્યું. તે પુસ્તક હતું 'ઓલ્ડમૅન ઍન્ડ સી' લેખક હેમિંગ્વેને પાછળથી આ પુસ્તક માટે નોબેલ પ્રાઇઝ પણ મળ્યું હતું. વિષ્ણુપ્રસાદજી જાણતા હતા કે આ પુસ્તક મારા માટે કેટલું ઉપયોગી થઈ પડશે. આમ શ્રી વિષ્ણુપ્રસાદજીએ મારા વિચારોની ક્ષિતિજો વિસ્તારી હતી અને ત્યાર બાદ મેં કૉલેજમાં અભ્યાસ કર્યો તે સમયે લોકસભાના અધ્યક્ષ પ્રો. માવલંકર જેઓ પોલિટિક્સ વિષય લેતા તેમની પાસેથી જાહેરજીવનની બાબતો, પાર વિનાનાં સંદર્ભો, એક નાગરિક તરીકે છલકતો ઉત્સાહ, વાતચીતમાં ઉમંગ આ બધી જ બાબતો તેમના વ્યક્તિત્વમાં હતી અને મારો આજીવન સંબંધ તેમની સાથે રહ્યો. આ સમયે મારા મનોવિજ્ઞાનનાં પ્રોફેસર વળીકર હતા. જેમની અંદર રાષ્ટ્રભાવના, ઉમદા ગૃહસ્થ, વિચારક તરીકેનું તેમનું વ્યક્તિત્વ હતું. જો કે મારા અને તેમનાં વિચારોમાં ભિન્નતા હતી પરંતુ આ ચાર-પાંચ શિક્ષકોનો મારા વ્યક્તિત્વ ઘડતરમાં મોટો ફાળો રહ્યો.''

માતા જેવી રીતે પુત્રને પ્રેમ કરે તેવી રીતે ગુરુ શિષ્ય સાથે પ્રેમથી વર્તન કરે. પરંતુ આજના આધુનિક યુગમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચેના સંબંધો અગાઉની જેમ પવિત્ર રહ્યા નથી.

આજે પણ ૭૫ વર્ષની ઉંમરે અવાજમાં એ જ પડઘો અને જાદુઈ દુનિયાના વિશ્વ સમ્રાટ તરીકેની છાપ કે.લાલનાં વ્યક્તિત્વમાં સ્પષ્ટ દેખી શકાય. જાપાન જેવા દેશમાં જ્યાં અંગ્રેજી કરતાં સ્થાનિક ભાષાનું વધુ મહત્ત્વની છે ત્યાં ૧૯૬૯માં આખા જાપાનમાં ૩૬૦૦ જાદુના શો કર્યા હતા અને જાપાનવાસીઓને ભારતના આ રત્નએ પોતાની કલાકારીગરીથી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતાં. ૧૯૬૯માં જાપાનમાં પ્રાઈમમિનિસ્ટરે આખી પાર્લામેન્ટના સભ્યો સાથે કે.લાલનો જાદુનો શો જોયો અને બીજા દિવસે જાપાનનાં બધાં જ ન્યૂઝ પેપરમાં માત્ર જાદુગર કે.લાલના ન્યૂઝ પ્રથમ પાને ચમકતા હતા. કે.લાલ એટલે કાંતિલાલ. મૂળ કોલકાતાના વતની અને કાપડના વ્યવસાયી હતા. કોલકાતાના મહાન જાદુગર શ્રી ગણપતિ ચક્રવર્તીનો જાદુનો શો ૭ વર્ષની ઉંમરે કે.લાલે જોયો અને કે.લાલે જીદ પકડી કે કાકા મારે આ જાદુગરને મળવું છે અંતે કાકા સાથે જાદુગર ગણપતિ ચક્રવર્તીને મળવા ગયા અને તેમનાં વ્યક્તિત્વથી પ્રભાવિત થયા. કે.લાલ તેમનાં ગુરુ શ્રી ગણપતિ ચક્રવર્તી વિશે વાતોને વાગોળતાં જણાવે છે કે ''જ્યારે મારી જીદ સામે ઝૂકી મારા કાકા મને શ્રી ચક્રવર્તી પાસે લઈ ગયા અને મેં જાદુનાં તમામ રહસ્યો એક પછી એક તેમની સામે ખોલ્યાં. તેઓ મારાથી ખૂબ પ્રભાવિત થયા. હું તે સમયે કોલકાતા ઍંગ્લુ સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. બે-ત્રણ દિવસ પછી શ્રી ચક્રવર્તી મને શોધતા મારી સ્કૂલે આવ્યા તેઓ બસ મારા ચહેરાથી જ પરિચિત હતા. મને કહ્યું કે બેટા તું જ મારો જાદુનો શો જોવા આવ્યો હતો. તેમને મને કહ્યું કે હું તારો જાદુ પ્રત્યેનો ઉત્સાહ જોઈ તને જાદુગરી શીખવાડીશ. તેઓ મને કોલકાતામાં ચાલતી હાથરિક્ષામાં બેસાડી પોતાનાં ખર્ચ લઈ જતા અને લાવતા. આ મારા ગુરુ જેમની પાસેથી હું મારી જાદુની વિદ્યા શીખ્યો. જેઓનું ૧૯૪૦માં અવસાન થયું ત્યાર બાદ બીજા ગીતાબાબુ તેઓ પણ જાદુગર હતા અને તેમની પાસેથી હું ઘણા જાદુ શીખ્યો. તેઓએ મને આ ક્ષેત્રમાં આગળ વધવાની હિંમત આપી. મેં મારો પ્રથમ જાદુનો શો પ્રોક્સી સિનેમામાં કર્યો અને શ્રી ગીતાબાબુ મારા આસિસ્ટન્ટ બનતા અને હું મુખ્ય જાદુગર બનતો. આમ હું જાદુના પ્રોફેશનલ શો કરતો થયો.''

કેટલાક સંબંધો એવા હોય છે જેમનું સ્વરૂપ જીવનભર બદલાતું રહે છે પણ એનું મૂળભૂત હાર્દ ક્યારેય બદલાતું નથી. ગુરુ-શિષ્યનો સંબંધ એ આવા જ સંબંધો પૈકીનો એક સંબંધ છે. માનવજીવન એ પરિવર્તનનો પર્યાય છે છતાં તેના હાર્દને અકબંધ રાખતો એવો ગુરુ-શિષ્યનો સંબંધ કોઈ પણ વ્યક્તિના જીવનના પાયાનાં સંબંધોમાંનો એક સંબંધ છે. હકીકતમાં આ એક જ સંબંધ એવો છે જેમાં ગુરુ-શિષ્ય બંને પરસ્પર સમજણ અને વિચારના સેતુ થકી જીવે છે. આ